**DATE: 10/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## ઝાડેશ્વરના દુધેશ્વર ફળિયામાં દરોડો

# કારમાં વિદેશીદારૂની હેરાફેરી કરતી મહિલા સહિત 2 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ઝાડેશ્વર ગામના દૂધેશ્વર મહાદેવ ફળિયામાં રહેતો સચિત પરેશ ભક્તાની તેની આઈટેન કારમાં વિદેશીદારૂ લઈ આવ્યો છે અને તેણે તેના કાર વિદેશીદારૂનો જથ્થો છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. તે વેળાં કારમાં એક શખ્સ તેમજ મહિલા બેસેલાં હોઈ તેમની પુછપછર કરતાં તેનું નામ સચિન પરેશ ભક્તાની તેમજ તેની સાથે બેસેલી મહિલાનું નામ જાગુ વિજય વસાવા (રહે. કોઠી ફળિયુ) હોવાનું કબુલ કર્યું હતું. ટીમે તેમની કારમાં તપાસ કરતાં ડેકીમાંથી કુલ 15 હજારનો વિદેશીદારૂનો જથ્થો મળી આવતાં તેમણે કાર તેમજ દારૂ મળી કુલ 3.15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેઓએ માંડવા ખાતે રહેતાં અવરવિંદ પાસેથી દારૂ લવાગ્યો હોવાની કબુલાત કરી હતી. જેના પગલે ટીમે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

**DATE: 11/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

### અંકલેશ્વર તાલુકાના કોસમડી નજીક

# કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જતો ખેપિયો ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૦

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે કોસમડી ગામ નજીક કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

## પોલીસે દારૂનો જથ્થો અને કાર સહિત રૂ.૧.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસનો સર્વેલન્સ વિભાગને બાતમી મળી હતી કે એક ઈસમ કારમાં વિદેશી દારૂ ભરી વાલીયા ચોકડીથી કોસમડીગામ તરફ આવનાર હોવાની બાતમી મળતા પોલીસે કોસમડી ગામ બસ સ્ટેન્ડ પાસે અલગ-અલગ જગ્યાએ વોચ રાખી હતી. તે દરમ્યાન બાતમીવાળી કાર વાલીયા ચોકડી તરફથી આવતા તેને કોર્ડન કરી લઈ તપાસ કરતા પાછળની ડીકીમાં ભારતીય બનાવટનો અલગ-અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ ભરેલા ત્રણ બોક્સ તથા એક થેલોમાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે કાર ચાલક રમેશ છોટુ ભરૂચા (રહે. કામરેજ)ને અટકમાં લઈ રૂ.૨૮,૪૦૦નો દારૂનો જથ્થો તથા મળી રૂ.૧,૮૭,૩૯૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 11/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જંબુસરના કાવીમાંથી બે ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

કાવી પોલીસની ટીમે ચોક્કસ બાતમીના આધારે કાવી ગામે દરોડો પાડ્યો હતો. તળાવના પાળે ટોર્ચના અજવાળે જુગાર રમતાં લોકોએ પોલીસને જોઇ દોડધામ મચાવી હતી. જોકે, પોલીસે તેમની પાછળ દોડીને તે પૈકીના સલીમ અહેમદ પઠાણ તેમજ અસલમ ગુલામ હલદરવાને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની બન્ને પાસેથી 7 હજાર તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી 12600 રૂપિયા જપ્ત કર્યાં હતાં.

**DATE: 11/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પાંચ ખેલીઓને પોલીસે દબોચી લીધા

# ભરૂચમાં ભોલાવ બ્રિજ નીચે જુગાર રમતા ઈસમો ઝડપાયા

| ભરૂચ |

ભરૂચ નજીક આવેલા ભોલવા બ્રિજ નીચે જુગાર રમતા પાંચ ખેલીઓને પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી રૂા.૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ભરૂચ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ બી.એસ.શેલાણા સ્ટાફ સાથે ભ્પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે ભોલાવ ઓવર બ્રિજ નીચે જાહેરમાં પત્તાપાના વડે હારજીતનો જુગાર રમતા કુલ ૫ જુગારીયા અરવિંદ ઈશ્વરભાઈ બાલીયા, રહે.તળાવ ફળીયુ, ભોલાવ, ભરત ચંદુભાઈ બાલીયા, રહે. તળાવ ફળીયુ, ભોલાવ, બાબુ જીવાભાઈ વસાવા, રહે. અયોધ્યાનગર ઝૂપડપટ્ટી, મહેશ મગનભાઈ ડોડીયા પટેલ, રહે. દુધધારા ડેરી પાસે, ઈન્દીરા આવાસ, ભોલાવ અને વિનોદ ચીમનભાઈ વાઘરી, રહે. તળાવ ફળીયુ, ભોલાવનાઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂપીયા તેમજ જુગાર રમવાના સાધનો સાથે કુલ રૂા.૧૧૬૮૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ બનાવ અંગે વધુ તપાસ પોલીસ કરી રહી છે.

### રૂા.૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

**DATE: 12/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભોલાવ બ્રિજ નીચે મહેફિલ જમાવી હતી

# જુગાર રમતાં 5 જણાં ઝડપાયાં, કુલ 12 હજારનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભોલાવ બ્રીજ નીચે ઝૂપડપટ્ટી પાસે જાહેરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. સ્થળ પર કેટલાંક શખ્સો કુંડાળુંવળી જુગાર રમતાં હતાં. પોલીસની ટીમને જોઈ તેમનામાં દોડધામ મચી ગઈ હતી. જોકે, નેથાર મતા પાંચેય જુગારિઓ અરવિંદ ઈશ્વર બલિયા, ભરત ચૈખે બાોછગ્ગા, બાબે જીવા રાઠોડ મહેશ મગન દોડિયા તેમજ વિનોદ ચીમન દેવીપુજક પોલીસના હાથે ઝડપાઈ ગયાં હતાં. પોલીસે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 11,680 રૂપિયા જપ્ત કર્યાં હતાં. બનાવ સંદર્ભે પોલીસે ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીએ 3.24 લાખના સળિયા તેમજ ટ્રક જપ્ત કરી

# રાજપીપળા ચોકડી પાસેથી લોખંડના સળિયાનો જથ્થો ભરેલો ટેમ્પો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસના પી.આઈ. એમ.પી. વાળા ના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલસીબી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન અંકલેશ્વર ચોક્કસ માહિતી મળી હતી કે એક ટ્રક શંકાસ્પદ લોખંડના સળિયા ભરી રાજપીપળા ચોકડી તરફ આવી રહ્યો છે. જે માહિતી આધારે એલસીબી પોલીસની ટીમ દ્વારા ચૌધરી કોમ્પ્યુટરરાઈઝવે બ્રીજ પાસે વોચ ગોઠવી હતી.



જ્યાંમાહિતી આધારિત ટ્રક આવતા તેને અટકાવી ટ્રક ચાલક પાસે જરૂરી આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરી કોઈ સંતોષકારક જવાબ ના આપતા પોલીસે 3.24 લાખની મત્તાના લોખંડના 9265 કિલોના સળીયા તેમજ 20 લાખની ટ્રક અને 60 હજારના 2 મોબાઈલ મળી કુલ 23.84 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ પોલીસે ટ્રક ચાલક યશવંત સીતારામ આવસે, અંતર સિંહ નરગામે ભીલાલા , બને રહે બડવાની મધ્યપદેશ, તેમજ અંસાર માર્કેટ ના ભંગારના ગોડાઉન સંચાલક રામનિવાસ રામનારાયણ ગૌતમ, સારંગપુર પોલીસ ચોકી પાસે રહેતા મંદિપસિંગ વિક્રમ સિંગરાજપૂત, સાંઈ ગોલ્ડન રેસિડન્સી અનશ ઈદ્રીશ કુરેશીનીઅટક કરી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ના હવાલે કરી 41(1) ડી મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 12/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### પેટ્રોલિંગ સમયે પોલીસ મથકના સ્ટાફને બાતમી મળી

# અંકલેશ્વર GIDCની ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગાર રમતા ૬ ઝડપાયા

## પોલીસ દ્વારા રૂા. ૮.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર દેસાઈ પેટ્રોલ પંપના કમ્પાઉન્ડ સ્થિત પ્રીત ગૂડ્ઝ કેરિયર નામની ટ્રાન્સપોર્ટ ઓફિસમાંથી જુગાર રમતા ૬ જુગારીયાઓને પોલીસે રૂપિયા ૮.૮૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સીના દેસાઈ પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં આવેલ પ્રિત ગુડઝ કેરીયર નામની ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગારધામ ચાલી રહ્યું છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૩૧ હજાર અને ૭ મોબાઈલ ફોન તેમજ ત્રણ વાહનો મળી કુલ ૮.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ગાર્ડનસીટીમાં રહેતો જુગારી રસપાલસિંગ અમરીકસિગ સૈની, પ્રિતમસિગ રસપાલસિંગ સૈની અને પ્રદિપકુમાર અંબિકાપ્રસાદ પ્રસાદ, મોહમદ ફિરોજ મોહમદ મુને અંસારી તેમજ કાસીમ અબ્દુલ ગફાર સીદીકી, તૈયબ આલમ ખાન, વિક્રમ હાથીભાઈ ગમારાને ઝડપી પાડ્યો પાડી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 13/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે આરોપી ફરાર હોવાથી વોન્ટેડ જાહેર કરાયાં

# ઝઘડિયાના ભુરી ગામ નજીકથી દારૂ ભરેલી કાર સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ એલસીબીએ ઝઘડિયાના ભૂરી ગામ પાસેથી કારમાં દારૂની હેરાફેરી કરી રહેલાં બુટલેગરને ઝડપી પાડયો હતો તેની પાસેથી દારૂની 246 બોટલ તથા કાર મળી કુલ 3.27 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝઘડિયા તાલુકામાં દારૂનો વેપલો રોકવા માટે એલસીબીના પીઆઇ તોરાણી તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી તે સમયે ભુરી ગામની પ્રાથમિક શાળા પાસે બાતમીના આધારે દરોડો પાડયો હતો.

જેમાં ઈકો કારની તલાશી લેવામાં આવતાં તેમાંથી બે થેલામાં રાખેલાં દારૂના 246 કવાટરીયા મળી આવ્યાં હતાં. પોલીસે 27 હજારના દારૂ, 3 લાખની કાર મળી કુલ 3.27 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભીમપોરના નિતેશ વસાવાની ધરપકડ કરી છે જયારે અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

**DATE: 13/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ઝઘડિયા તાલુકાના ભુરી ગામ પાસેથી

# કારમાં રાખેલા વિદેશી દારૂના જથ્થા સાથે ચાલકની ધરપકડ

ઝઘડિયા,તા.૧૨

ઝઘડિયા તાલુકાના ભુરી ગામ પાસેથી ઈકો કારમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કારના ચાલકને ઝડપી લઈ કુલ રૂ.૩,૨૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બે બૂટલેગરને વોન્ટેડ જાહેર કર્યા હતાં.

## કુલ ૩.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, અન્ય બે બૂટલેગરને વોન્ટેડ જાહેર કરાયા

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ રાજપારડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે ભુરી ગામની પ્રાથમિક શાળાની નજીક એક ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. જે બાતમીના આધારે એલસીબીની ટીમે તે સ્થળે રેડ પાડી તપાસ કરતા કાર મળી આવી હતી. જેની તલાશી લેતાં તેમાંથી બે થેલા તથા એક સ્કૂલ બેગમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂ.૨૭,૦૦૦નો દારૂનો જથ્થો તથા ઈકો કાર મળી કુલ રૂ. ૩,૨૭,૦૦૦ના મુદ્દામાલ સાથે નિતેશ ઉર્ફે નિલેશ જેન્તીભાઈ વસાવા (રહે.દેવળ ફળીયુ, ભીમપોર, તા.ઝઘડિયા)ને ઝડપી લઈ અન્ય બે શખ્સને વોન્ટેડ જાહેર કરી રાજપારડી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

**DATE: 13/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ટીમો દ્વારા 109થી વધારે ગોડાઉનમાં પણ ઘનિષ્ઠ તપાસ કરવામાં આવી

# સારંગપુર તથા આસપાસના વિસ્તારમાં પોલીસનું મેગા સર્ચ, 300થી વધુ કેસ કરાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ, અંકલેશ્વર અને દહેજ, ઝઘડિયા, જંબુસર સહિત 6 ઔદ્યોગિક વસાહતમાં કોમ્બિંગ હાથ ધરી 300 જેટલા મામલાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ભરૂચમાં વધી રહેલી ગુનાખોરી રોકવા માટે પોલીસ ઔદ્યોગિક વસાહતોમાં ચાંપતી નજર રાખી રહી છે. એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ વધુ એક વખત મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કોમ્બિંગ દરમિયાન સારંગપુર ગામ તેમજ આજુબાજુ ના પરપ્રાંતીય વિસ્તાર, પાનોલી જીઆઈડીસી તેમજ આજુબાજુ ના રહેણાંક વિસ્તારમાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં2 પીઆઈ. 5 પીએસ આઈ અને 56 પોલીસ જવાનો દ્વારા એમ.વી.એક્ટ



હેઠળ 16 ગુનાઓ, ભાડુઆત અંગેના9 કેસ, પ્રોહિબિશન અને જુગાર ના 10 કેશ, 70 ઈસમો સામે બી -રોલ કરવામાંઆવ્યા હતા. 109 જેટલા ગોડાઉન ચેક કરવામાં આવ્યા હતા. તો અવાવરું 28 જગ્યા પર તપાસ કરવામાં આવી હતી અને શકમંદ 108 ઈસમો સામે કાર્યવાહી કરાઈ હતી.

**DATE: 13/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દારૂ પ્રકરણમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કોસમડી બસ સ્ટેન્ડ પાસેથી કારમાં દારૂનોજથ્થો આપવા આવેલકામરેજના ખેપિયાને ઝડપી પાડ્યો હતો. પોલીસે 30 હજાર ઉપરાંતનોદારૂ અને કાર મળી કુલ 1.87 ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં બુટલેગર વિપુલ વસાવાને ફરાર જાહેર કરાયો હતો. બે દિવસથી નાસતા ફરતાં વિપુલને ઝડપી પાડયો છે. આરોપીએ દારૂનો જથ્થો કોની પાસે મંગાવ્યો હતો તેની તપાસ શરૂ કરાઈ છે.

# ગડખોલ નજીકથી 3 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગડખોલ ગામની જ્ઞાનદીપ સ્કૂલ પાછળ ની બાવળ ની ઝાડી માં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જે માહિતી આધારે પોલીસે દરોડા પાડ્યા હતા જ્યાં જુગાર રમતા મહેશ વસાવા, રમેશ મકવાણા અને અશોક વસાવા ને પત્તા-પાનાનો હાર જીત નો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડતી અને દાવ પર લાગેલા રોકડ રૂપિયા 12.700 રોકડ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 14/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વાગરામાં બકરીઇદ પહેલાં પોલીસે શાંતિ સમિતિની બેઠક મળી

# સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરનાર સામે પગલાં ભરાશે

ભાસ્કર ન્યૂઝ | વાગરા

સોમવારના રોજ બકરી ઈદની ઉજવણી પહેલાં પોલીસે શાંતિ સમિતિની બેઠક બોલાવી હતી. જેમાં તહેવારના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ખોટી અફવાઓ ફેલાવનારા તથા ધાર્મિક લાગણી દુભાવનારાઓ સામે કાર્યવાહી કરવાની ચીમકી પોલીસતંત્રએ આપી હતી. પીએસઆઈ અનિતાબા જાડેજાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં બકરીઈદના તહેવારની સરકારની માર્ગદર્શિકા મુજબ કરવા સૂચના આપવામાં આવી હતી. પીએસઆઈએ જણાવ્યુ હતું કે, અમુક લે ભાગુ અસામાજિક તત્વો હિન્દુ-મુસ્લિમ સમાજની શાંતિને ડહોળવાનો પ્રયત્ન સોશિયલ મીડિયાના મારફતે કરતા હોય છે. પરંતુ વાગરા પંથકમાં હિન્દુ-મુસ્લિમ સમાજના તહેવારો દરમિયાન કોઈપણ લે ભાગુ અસામાજિક તત્વ વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટ્ગ્રામ કે અન્ય કોઈ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી વિસ્તારની શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરશે તો કોઈ પણ સંજોગોમાં આવા વ્યક્તિને સાંખી લેવામાં નહીં આવે. અને તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. વાગરા સહિત આસપાસ ગામના હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

**DATE: 14/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે દરોડો પાડતાં દોડધામ મચી

# કોટ પારસીવાડમાં આંકડાનો જુગાર રમાડતાં 4 ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના મોટા ચાર રસ્તા બાદશાહી મસ્જીદ પાસે આંકડાનો જુગાર રમાડતાં ચાર ઝડપાયાં હતાં.

બી ડિવિઝન પોલીસનો સ્ટાફ કચેરીમાં હાજર હતો તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરમાં કોટ પારસીવાડના ફિરોદ એપાર્ટમેન્ટમાં રહેતો સાબીર શબ્બીર મલેક મોટા ચાર રસ્તા બાદશાહી મસ્જીદની સામે આંક ફરકનો સટ્ટા બેટીંગનો આંકડાનો જુગાર રમાડી રહ્યો છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડતાં સ્થળ પરથી ચાર જણા ઝડપાયાં હતાં.

જેમાં સાબીર શબ્બીર મલેક સહિત કરણ મુકેશ વસાવા, મુકેશ કાંતી વસાવા તેમજ ગુલામ મુસ્તુફા અબ્દુલ હમીદ મલેકને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા તેમજ આંકડા લખેલી ચિઠ્ઠીઓ જપ્ત કરી હતી. પોલીસે ચારેયની ધરપકડ કરી તેમની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

**DATE: 15/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ જિલ્લામાં પણ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન કાર્યરત

# સાયબર ક્રાઈમનો ભોગ બનેલાંઓ 1930 નંબર પર ફરિયાદ કરી શકશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુજરાત રાજ્યના પ્રત્યેક નાગરિકને સાયબર ક્રાઈમ સુરક્ષા આપવા માટે દેશમાં સૌ પ્રથમ ગુજરાત પોલીસ સાયબર સુરક્ષાના અત્યાધુનિક કંટ્રોલ રૂમના માધ્યમથી રાજ્યના લોકોને સતર્ક અને જાગૃત કરાઈ રહ્યા છે.

ભરૂચ એસપી મયુર ચાવડાએ જણાવ્યું હતું કે, સોશીયલ મીડીયા સંબંધિત ફ્રોડ, ઓનલાઈન ડેબીટ કાર્ડ /ક્રેડીટ કાર્ડ ફ્રોડ, જોબ ફ્રોડ (નોકરી સંબંધિત ફ્રોડ), મેટ્રીમોનીયલ ફ્રોડ, લોન ફ્રોડ, ઈન્શ્યોરન્સ ફ્રોડ, કેમીકલ બિયારણ સંબંધિત સાયબર ક્રાઈમ, ઓનલાઈન શોપીગ ફ્રોડ ટાવર ઈન્સ્ટોલેશન ફ્રોડ, લોટરી/ઈનામ ફ્રોડ, ઈમેઈલ હેકીંગ, સિમ સ્વેપિંગ ફ્રોડ, કસ્ટમર કેર ફ્રોડ, ઈમેઈલ સ્પુફીંગ ફ્રોડ, ઈ-કોમર્સ સંબંધિત ફ્રોડ અન રેન્સમવેર એટેક ડેટા થેફ્ટ જેવા સાયબરના લોકો ભોગ બનતા હોય છે. ત્યારે જો કોઈ આવા ફ્રોડનો ભોગ બને તો ગભરાયા વગર સાયબર ક્રાઈમ નંબર 1930 અથવા ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ 9978410377, 02642 223700 પર ફરિયાદ કરી જેથી પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ એસપી મયુર ચાવડાએ જણાવ્યું છે.

**DATE: 15/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સીઇઆઇઆર પોર્ટલની મદદથી સફળતા

# પાનોલી પોલીસે 9 મોબાઈલ ફોન શોધી માલિકોને પરત કર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસે સરકારી સોફ્ટવેરની મદદથી ગુમ થયેલાં 9 મોબાઇલ શોધી તેમના મુળ માલિકોને પરત કર્યા છે. મોબાઈલ આજે લોકોના જીવનનો એક મહત્વનો હિસ્સો બની ગયો છે, પરંતુ જ્યારે આ મોબાઈલ ખોવાઈ જાય કે ચોરાઈ જાય ત્યારે લોકોને તેને પાછો મેળવવા માટે દોડધામ કરવી પડે છે. સરકારી પોર્ટલ સીઈઆઈઆરની મદદથી ખોવાયેલા ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી અથવા ટ્રેક કરી શકાય છે. પીએસઆઈ એચ.એન. પટેલ તથા કે.બી. ડોડિયાએ સરકારી સોફ્ટવેર પરથી મળેલી માહિતીના આધારે ગુમ થયેલાં 9 મોબાઇલ ફોન શોધી કાઢયાં છે. ગુમ થયેલાં ફોનમાં સીમકાર્ડ નાંખતાની સાથે ફોન એક્ટીવ થતાં પોર્ટલ પર સૂચના મળી હતી. જેના આધારે આ મોબાઈલ રીકવર કરવામાં આવ્યાં હતાં.

**DATE: 15/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### આરટીઓ અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી



ભરૂચ પોલીસ અને આરટીઓ દ્વારા સ્કૂલ વર્દીના વાહનોની તપાસ હાથ ધરાઇ હતી.

# ભરૂચમાં નિયમોના ભંગ બદલ સ્કૂલ વર્દીના ૧૪ વાહનો ડિટેઈન કરાયા

## ૧૪ બનાવમાં કુલ રૂા.૧.૬૫ લાખ જેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં સ્કુલો ગતરોજ તા.૧૩ મી જૂનથી શરૂ થઈ હતી અને આજે તા.૧૪ જૂનના રોજ ભરૂચ પોલીસ અને આરટીઓ તંત્ર સાથે રહીને વિવિધ વાહનોમા લઈ જવાતા અને લાવતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ અન્ય બાબતો અંગે ચકાસણી કરવામા આવી હતી. જેમાં સ્કૂલ વર્દીના ૧૪ જેટલા વાહન ચાલકો દ્વારા નિયમભંગના કેસો જણાયા હતા જે અંગે રૂા.૧.૬૫ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો અને એક વાહન ડીટેઈન કરવામાં આવ્યુ હતુ.

ભરૂચ નગર નજીક આવેલ હાઈવે પરની સ્કુલો પર વિદ્યાર્થીઓને અવરજવર માટે વપરાતા વિવિધ વાહનોનું ચેકીંગ ભરૂચ પોલીસ તેમજ આરટીઓ તંત્રના અધિકારીઓએ સાથે રહી સંયુકત તપાસ ઓપરેશન હાથ ધર્યુ હતુ. ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્કુલ ખુલ્યાના બીજા જ દિવસથી વિદ્યાર્થીઓના હીત માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં હાઈવે પરની સ્કુલો કે જે નગરથી થોડી દુર છે અને હાઈવે ટચ છે અથવા તો ભરૂચ નગરથી ઝાડેશ્વર ચોકડી તરફ જવાના રસ્તા પર છે, તેવી સ્કુલોના વિદ્યાર્થીઓને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાતા વાહનોની ખાસ તપાસ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ વિવિધ આરટીઓના નિયમોના પાલન અંગેની ચકાસણી કરવામાં આવી હતી.

વધુ વિગતે જોતા સ્કુલ વાહન અંગે વપરાતા વાહનો કે જે વિદ્યાર્થીઓને સ્કુલે લાવવા તેમજ લઈ જવાનું કામ કરે છે તેવા વાહનો અકસ્માતગ્રસ્ત બને અને તેના પગલે વિદ્યાર્થીઓને ઈજા અથવા જાનહાની ન થાય તે અંગે અત્યારથી જ પોલીસ તકેદારી રાખી રહી છે. જેના એક ભાગરૂપે ભરૂચ નગર નજીક અને હાઈવે તરફના રસ્તા પરની સ્કુલોમાં જતા-આવતા વાહનો કે જેમાં વિદ્યાર્થીઓ જતા હોય છે તેની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં પોલીસ અને આરટીઓ તંત્રએ સાથે રહીને વિવિધ વાહનોનું ચેકિંગ હાથ ધરાતા ૧૪ જેટલા વાહનોના ચાલકોએ નિયમનો ભંગ કર્યાનું જણાઇ આવતા વાહનો ડિટેઈન કરી રૂપિયા ૧.૬૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેથી સ્કૂલ વર્ધીના વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

**DATE: 16/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાં મળેલાં ટેન્કરમાં શ્રી ઇન્ડસ્ટ્રીઝમાંથી વેસ્ટ ભરાયો હતો, 3 આરોપીની ધરપકડ

# કંપની માલિક સહિત 6 જણ સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં બનાસ ટ્રાન્સપોર્ટના પટાંગણમાં કેમિકલ વેસ્ટ ભરેલું ટેન્કર મળી આવવાના પ્રકરણમાં 6 આરોપી સામે ગુનો દાખલ કરાયો છે. એક સપ્તાહ પહેલાં કેમિકલ વેસ્ટ ભરેલાં ટેન્કર સાથે પોલીસે ડ્રાઈવર શનિકુમારની અટકાયત કરી હતી.

ડ્રાઈવરે આ કેમિકલ વેસ્ટ અંકલેશ્વરની જ શ્રી ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાંથી લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. જીપીસીબી અને પોલીસની તપાસમાં ટેન્કરમાં કેમિકલ વેસ્ટ ભરી તેનો ગેરકાયદેસર રીતે નિકાલ કરવાનું કૌભાંડ હોવાની વિગતો સામે આવી હતી. કેમિકલ વેસ્ટની હેરાફેરી કરવા માટે ખોટા બિલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક સપ્તાહની તપાસ બાદ અંતે એલસીબીએ શ્રી ઈન્ડસ્ટ્રીયલ કંપનીના માલિક પવન મિશ્રા, સુધા મિશ્રા, સંતોષ ક્રિપા મિશ્રા, ટેન્કરના ડ્રાઈવર શનિ ગૌતમ, દેવા કાનજી જગાણીયા અને વૈષ્ણવી ઈન્ડસ્ટ્રીઝના માલિક સામે ગુનો નોંધ્યો છે. ટેન્કર સહિત ₹ 27 લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે



પોલીસે આ મામલામાં 3 આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રીકવરી સોલવન્ટનું ખોટુ બિલ બનાવ્યું

શ્રી ઈન્ડસ્ટ્રીઝે તેમની કંપની માંથી સ્પેન્ટ સોલવન્ટ સ્ટોરેજ ટેન્કમાંથી સ્પેન્ટ સોલ્વન્ટને નિયમો અનુસાર સોલ્વન્ટ રિકવરી પ્રોસેસ કરવાની જગ્યા એ સીધેસીધો નિકાલ કરવા માટે વૈષ્ણવી ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ ના માલિકના ઓર્ડર પ્રમાણે શ્રી ઈન્ડસ્ટ્રીઝના માલિકે રિકવર સોલ્વન્ટ નું ખોટું બિલ બનાવી બનાસ બલ્ક કેરિયર ટ્રાન્સપોર્ટના સંપર્ક કરી ટેન્કર ભરાવ્યું હતું.

**DATE: 16/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# હાંસોટ ખાતે સ્કુલવાન પર તવાઈ ૬ ચાલકો સામે કાર્યવાહી

હાંસોટ : હાંસોટ ખાતે આજરોજ હાંસોટ સર્કલ તથા વેરાઈ માતા મંદિર પાસે પોલીસે નિશાળ છુટવા ના સમયે વોચ ગોઠવી ૬ જેટલી સ્કુલવેન ઝડપાઈ જવા પામી હતી. જેમાં ટ્રાફિકના નિયમો અનુસાર કોઈ સલામતીના સાધનો નજરે પડ્યા ન હતા. પોલીસે તમામ ૬ વાહનચાલકો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. વાનમાં બાળકો કેલી રીતે જાય છે તેની કોઈને કંઈ પડેલ નથી. નથી વાન વાળાને કંઈ પડી કે નથી બાળકોના વાલીઓ ને પડી કે નથી શાળા સંચાલકને. જીલ્લા પોલીસ વડાએ તમામ પોલીસ મથક વિસ્તારમાં આવા અસલામત સવારી કરતાં વાહનોને તાકીદે કાર્યવાહી કરવાની સૂચના આપી છે. કોઈ દુર્ઘટનાં ન બને તે માટે આવનાર દિવસોમાં પોલીસ વધુ ચેકીંગ કરશે તેમ જણાઈ રહ્યુ છે.

**DATE: 16/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ તાલુકા-પાલેજ પોલીસે 4ને પકડ્યાં

# દયાદરા, મનુબર અને વરેડિયા ગામેથી 17 ગૌવંશને બચાવાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં બકરી ઈદના તહેવારને લઈને પોલીસ દ્વારા ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તાલુકા પોલીસે દયાદરા ગામે પ્રેમનગરીમાં રહેતાં ઉસ્માન ભાયજીના ઘરે દરોડો પડ્યો હતો. જ્યાંથી પોલીસે એક બળદ, બે ગાય તેમજ એક વાછરડું મળી કુલ 32 હજારની મત્તાના ગૌવંશને બચાવી કરજણ પાંજરાપોળમાં મોકલી આપ્યાં હતાં. જોકે, પોલીસને જોઈ ઉસ્માન ભાગી ગયો હતો. જ્યારે યુનુસ પટેલ મોઢી ઝડપાઈ ગયો હતો. બીજી ટીમે મનુબર ગામે ગરમિયા વગામાં રહેતી સલમા પટેલએ તેમના તબેલામાં ગૌવંશ કતલના ઈરાદે રાખ્યા હોવાની બાતમીના આધારે સ્થળ પર દરોડો પાડી ત્યાંથી એક ગાય તેમજ 7 વાછરડા મળી કુલ 8 ગૌવંશને કતલના ઈરાદે બાંધેલાં હોઈ તેમને બચાવી લીધાં હતાં. પોલીસે સલમા પટેલને ઝડપી પાડી હતી. જોકે, દિલાવર નાસી છુટ્યો હતો .પાલેજ પોલીસે પણ વરેડિયા ગામે રહેતાં નઝીરમુસા દુધવાલાને ત્યાં દરોડો પાડી તેના ત્યાંથી પણ કતલના ઈરાદે રખાયેલાં 5 વાછરડાઓને બચાવ્યાં હતા.

**DATE: 16/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### નર્મદા નદીને ગુજરાતની ગંગા માનવામાં આવે છે

# અંકલેશ્વર ખાતે જોખમી કેમિકલ વેસ્ટના નિકાલના કૌભાંડનો પર્દાફાશ

## રૂા. ૨૭ લાખના મુદ્દામાલ સાથે ૨ આરોપીની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઈડીસીમાં જોખમી કેમિકલ વેસ્ટના ગેરકાયદેસર નિકાલના કૌભાંડનો પર્દાફાશ થયો છે.પોલીસે ટેન્કર સહિત રૂપિયા ૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ૨ આરોપીઓની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે.

પોલીસે સુત્રોના જણાવ્યા અનુસાર ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર જીઆઈડીસીમાં પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, શંકાસ્પદ કેમિકલ ભરેલુ ટેન્કર રાજપીપળા રોડ પર આવેલા બનાસ બલ્ક કેરિયર નામના ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાં ઉભુ છે. જેના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા અને ટેન્કર ચાલકની પૂછપરછ કરી હતી.

જોકે, ટેન્કર ચાલક શનિકુમાર ગૌતમે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. આથી પોલીસે ટેન્કરમાં રહેલ કેમિકલની ચકાસણી હાથ ધરી હતી. તો આ કેમિકલ અંકલેશ્વર જીઆઈડીસીમાં બેઈલ કંપની નજીક આવેલ શ્રી ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાંથી લાવવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યુ હતુ. પોલીસે તપાસ કરતા જોખમી કેમિકલ વેસ્ટનો ગેરકાયદેસર રીતે નિકાલ કરવામાં આવનાર હોવાનુ જણાયુ હતુ. આથી પોલીસે શ્રી ઈન્ડસ્ટ્રીયલ કંપનીના માલિક પવન મિશ્રા સહિત કુલ ૫ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે, તેમજ ટેન્કર સહિત રૂ. ૨૭લાખથી વધુનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. પોલીસે આ મામલામાં ૨ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.